सत्यमेव जयते

રજુ તારીખ :–૨૦/૦૧/૨૦૨૩.
દાખલ તારીખ :–૨૦/૦૧/૨૦૨૩.
ફેંસલ તારીખ :–૧૮/૦૭/૨૦૨૬.
અવધિ:– ૦૩ વર્ષ ૦૫ માસ ૨૯ દિવસ.

---

## દેવભુમિ દ્વારકા જિલ્લાના મ્હે. એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા.

---

**ફોજદારી કેસ નં. ૨૯૪/૨૦૨૩.**

**આંક :–**

**ફરીયાદી :– શ્રી સરકાર.**
**(ખંભાળીયા પો. સ્ટે. પાર્ટ–એ**
**ગુ. ર. નં. ૧૧૧૮૫૦૦૪૨૨૧૦૨૯/૨૦૨૨)**

**વિરૂધ્ધ**

**આરોપી :– કિશન સ/ઓ પ્રભાતગર ગોસ્વામી,**
ઉ. વ. ૩૨, ધંધો. ડ્રાઈવીંગ,
રહે.બેડ ગામ પ્લોટ નં.૧૫૪ બેડેશ્વર મહાદેવ મંદિર પાસે,
તા.જી. જામનગર.

---

**ગુનો:– આઈ.પી.સી.ની કલમ– ૨૭૯, ૩૨૩, ૫૦૪, ૪૨૭ તથા એમ. વી. એકટ કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો.**

---

**સરકાર તરફે :– વિ. એ.પી.પી. શ્રી એન.એચ.રાયઠ્ઠા**
**તહોમતદાર તરફે :– વિ. વ. શ્રી. આર.એમ. જામ.**

---

## –: ચુકાદો :–

(૧) આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.

૨૮/૦૯/૨૦૨૨ ના રોજ કલાક–૧૧:૦૦ વાગ્યાના સમયે ધ્વારકા–જામનગર હાઈવે પાયલ હોટલ આગળ રેલ્વે ફાટક તરફ આરોપીએ પોતાના ટ્રક રજી નં.જી.જે.–૧૦–ટી.વી.–૫૦૫૪ વાળી પુરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી પાછળથી ફરિયાદીના ટ્રક નં.જી.જે.–૧૨–બી.ટી.–૩૫૩૪ સાથે અકસ્માત કરી અને ફરિયાદીના ટ્રકમાં રહેલ પવનચકકીના ટાવરને નુકસાન કરી પાછળથી ફરિયાદી સાથે અકસ્માત બાબતે બોલાચાલી કરી ઝઘડો કરી ભુંડી ગાળો આપી અને શરીરે મુંઢ ઈજા કરી તથા માથાના ભાગે ઈજા પહોંચાડી ભાગી જઈ ગુન્હો કરી નાશી જઈ બાદમાં પકડાઈ જઈ ખંભાળીયા પો.સ્ટે. નાઓએ આરોપી વિરુધ્ધ પડેલ પુરાવાથી હાલનું ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ અત્રેની કોર્ટ ધ્વારા આરોપીને ધોરણસરના સમન્સ કાઢવામાં આવેલ જે સમન્સની બજવણી આરોપીને થતાં તેઓ અત્રેની કોર્ટમાં હાજર થયેલ જેથી આરોપીને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વીના મૂલ્યે આપવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આરોપી સામે આંક–૮ થી તહોમતનામું ફરમાવેલ તથા આંક–૯ થી આરોપીનો જવાબ નોંધતાં તેમણે તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ શેખ ફારૂક ઈસ્માઈલની જુબાની, | ૧૭ |
| ૨. | પંચ સાહેદ જાકીર રફીક બાનવાની જુબાની | ૧૯ |
| ૩. | પંચ સાહેદ જુમાભાઈ બાવાભાઈ હીંગોરાની જુબાની | ૨૨ |
| ૪. | સાહેદ લીલાભાઈ વેજાભાઈ જાદવની જુબાની | ૪૪ |
| ૫. | ત.ક. અમલદાર જયમીન મહેન્દ્રભાઈ ડોડીયાની જુબાની | ૪૮ |

## દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૨. | અટક પંચનામું | ૨૦ |
| ૨. | ફરિયાદ | ૪૫ |
| ૪. | તપાસના કાગળો સંભાળી લેવા બાબતેનો રીપોર્ટ | ૪૬ |
| ૫. | અકસ્માતમાં સંડોવાયેલ વાહન માલીકીના દસ્તાવેજો તથા આરોપીનું ડ્રાઈવીંગ લાયસન્સ | ૪૯ |
| ૬. | ફરિયાદીના ટ્રકના માલીકીના દસ્તાવેજ | ૫૦ |
| ૭. | સદર કામે ફરિયાદી ન મળવા બાબતેના શેરા સાથેનું બેલેબલ વોરંટ | ૫૧ |

(૫) ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ઘ્યાને લઈ આરોપીનું ક્રિ.પ્રો.કોડ ની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમા તેમણે જણાવેલ છે કે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે, તેઓને સોગંદ ઉપર પુરાવો આપવો નથી તથા કોઈ સાહેદે તપાસવા નથી. તેઓ નિર્દોષ છે અને તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે. જેથી તેઓને નિર્દોષ છોડી મૂકવા અરજ કરેલ છે.

(૬) ત્યારબાદ બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ફરીયાદ પક્ષ તરફથી રજુ કરેલ પુરાવાઓને ઘ્યાને લેતા આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દા :-**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૮/૦૯/૨૦૨૨ ના રોજ કલાક-૧૧:૦૦ વાગ્યાના સમયે ધ્વારકા-જામનગર હાઈવે પાયલ હોટલ આગળ રેલ્વે ફાટક તરફ આરોપીએ પોતાના ટ્રક રજી નં.જી.જે.-૧૦-ટી.વી.-૫૦૫૪ વાળી પુરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી પાછળથી ફરિયાદીના ટ્રક નં.જી.જે.-૧૨-બી.ટી.-૩૫૩૪ સાથે અકસ્માત કરી અને ફરિયાદીના ટ્રકમાં રહેલ પવનચકકીના ટાવરને નુકસાન કરી પાછળથી ફરિયાદી સાથે અકસ્માત બાબતે બોલાચાલી કરી ઝઘડો કરી ભુંડી ગાળો આપી અને શરીરે મુંઢ ઈજા કરી તથા માથાના ભાગે ઈજા પહોંચાડી ભાગી જઈ આઈ.પી.સી.ની કલમ- ૨૭૯, ૩૨૩, ૫૦૪, ૪૨૭ તથા એમ. વી.એકટની કલમ-૧૩૪, ૧૭૭, ૧ ८४ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા ઉપરનો મારો નિર્ણય નીચે મુજબ છે.

**(૧) નકારમાં**

**(૨) આખરી હુકમ મુજબ.**

## –: કારણો :–

**મુદ્દા નં.૧ સબબ :–**

(૯) ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે આંક–૪૪ થી સાહેદ લીલાભાઈ વેજાભાઈ જાદવ નાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવું જણાવે છે કે,''ગઈ તા.૨૮/૯/૨૨ ના રોજ હુ ખંભાળીયા પો.સ્ટે. કલાક ૧૯:૩૦ કલાકે હુ પી.એસ.ઓ. ચાર્જમા હતો તે વખતે રાજબહાદુર બદલુરામ વર્મા , રે.સુલતાનપુર, યુ.પી. નાઓ આવેલા અને તેમણે મારા રૂબરૂ એવી ફરીયાદ હકકીત લખાવેલી કે, તા.૨૨/૯/૨૨ ના સવારના દસેક વાગ્યાના સુમારે તેઓ તેમની ટ્રક નં .જી.જે.૧૨.બી.ટી.૩૫૩૪ લઈને જતા હતા તે વખતે પાયલ હોટલ પાસે ટ્રક નં.જી.જે.૧૦.પી.વી.૫૦૫૪ વાળી પોતાની ટ્રક બેફીકરાઈ અને પુરઝડપે ચલાવી ફરીયાદીના ટ્રક સાથે અથડાતા ફરીયાદીને ગાળો બોલી કપાળના ભાગે માર મારી નુકશાન કર્યા બાબતેની ફરીયાદ અમારી રૂબરૂ આપતા ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લઈ ગુન્હો ઈ.પી.કો કલમ–૩૨૩,૨૭૯,૫૦૪ એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ ગુન્હો દાખલ કરી આગળની તપાસ પો.હેડ કોન્સ. જે.એમ.ડોડીયાને ડેપ્યુટ હુકમ સાથે સોપેલી. મને આજરોજ ફરીયાદની અસલ નકલ બતાવવામા

આવે છે તેમા ફરીયાદીની સહી છે અને રૂબરૂ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે રજુ દા.આ.૪૫ આપવામા આવે છે. જે ડેપ્યુટ હુકમ મને બતાવવામા આવે છે તે જોઈ જણાવુ છુ કે તેમા મારી સહી છે અને તે આજ ડેપ્યુટ હુકમ છે જે હુ ઓળખી બતાવુ છુ. જે રજુ દા.આ.૪૬ આપવામા આવે છે.'' જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત કબુલ રાખે છે કે,''મારી ફરીયાદમા લખ્યા મુજબ બનાવ સવારે અગિયાર વાગ્યે બનેલ છે અને મારી રૂબરૂ ફરીયાદ સાં જના સાડા સાત વાગ્યે આપેલ છે. ફરીયાદમા જણાવ્યા મુજબ પો.સ્ટે.થી બનાવ સ્થળ ચાર કિ.મી. ના અંતરે આવેલ છે. બનાવ સ્થળથી સરકારી હોસ્પિટલ બે થી અઢી કિ.મી.ના અતરે આવેલ છે. મારી રૂબરૂની ફરીયાદમા ફરીયાદીએ આરોપીનુ નામ  લખાવેલ નથી. ફરીયાદીએ એવુ પણ લખાવેલ નથી કે હુ આરોપીને જોયેથી ઓળખી શકુ. ફરીયાદી મારી રૂબરૂ સારવાર લઈને ફરીયાદ આપવા આવેલ હોય તેવુ બનેલ નથી. ફરીયાદીએ મારી રૂબરૂ તેમની ટ્રકને શુ નુકશાન થયેલુ અને શુ ગાળો આપેલી તે લખાવેલ નથી. પવનચકકીના પાખ્યા લઈને જે ટ્રક જતી હોય તે ટ્રકની આગળ પાછળ પાયલોટીગ મા કલેકટરશ્રીના હુકમ  મુજબ બીજા વાહન હોય છે. બનાવ સ્થળે જે ફાટક આવેલ છે તે ફાટકની બન્ને સાઈડ મોટા મોટા બમ્પ આવેલ છે. બનાવ સબધે મને કોઈ જાતમાહિતી નથી અને ફરીયાદ લઈ ગુન્હો દાખલ કરવા સિવાય મે કશુ બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી.''

(૧૦) ત્યારબાદ  ફરિયાદપક્ષે આંક–૪૮ થી ત.ક. અમલદાર જયમીન મહેન્દ્રભાઈ ડોડીયા નાઓને તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી

હકીકત જણાવે છે કે, ''સને ૨૦૨૨ ના વર્ષમાં હુ પો.હે.કો. તરીકે ખંભાળીયા પો.સ્ટે.માં ફરજ પર હતો ત્યારે એ પાર્ટ ગુ.નં. ૧૦૨૯/૨૨ ની તપાસ ગુનો દાખલ થયા બાદ મને સોંપાતા તપાસ મેં સંભાળી લઈ તપાસના કામે ફરીયાદી તથા બે પંચોને હાજર રાખી તેઓના બતાવ્યા મુજબના ગુનાવાળી જગ્યાનું પંચનામાની વિગતે પંચનામું કરેલ જે આંક–૧૮ વાળું પંચનામું મને બતાવવામાં આવે છે જેમાં બે પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. તેમજ તપાસના કામે બે પંચો રૂબરૂ આરોપી કિશન પ્રભાતગર ગોસ્વામી પંચનામાની વિગતે ધોરણસર અટક કરેલ જે આંક–૨૦ વાળું પંચનામું મને બતાવવામાં આવે છે જેમાં બે પંચોની મારા રૂબરૂ સહી છે તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવું છું. તપાસના કામે આરોપીના ટ્રક નં. જીજે–૧૦–ટીવી–૫૦૫૪ તથા આરોપીનું ડ્રાઈવીંગ લાઈસન્સ કબજે લઈ સામેલ રાખેલ જે મને બતાવવામાં આવે છે તે તે જ છે જે રજુ સંયુકત દા.આં. ૪૯ આપવામાં આવે છે તથા ફરીયાદીના ટ્રક નં. જીજે–૧૨–બીટી–૩૫૩૪ માં માલીકીના દસ્તાવેજ મને બતાવવામાં આવે છે જે મેં તપાસના કામે કબજે લઈ સામેલ રાખેલા તે તે જ છે જે રજુ દા.આં. ૫૦ આપવામાં આવે છે. મને નામ. કોર્ટના હુકમથી ફરીયાદીનું બેલેબલ વોરંટ બજવણી કરવા હુકમ કરવામાં આવેલ અને જે મુજબ મેં જાતે તપાસ કરતા ફરીયાદી મળી આવતા ન હોય તે બાબતે બેલેબલ વોરંટમાં મારા દવારા શેરો મારવામાં આવેલ છે અને મારી સહી કરવામાં આવેલ છે જે બેલેબલ વોરંટ મને બતાવવામાં આવે છે તે તે જ છે તેમાં મારફતમાં પી.આઈ.શ્રીની પણ સહી

છે આની સાથે મેં સુલેમાન અલી સંઘારનું પણ ફરીયાદી મળી આવતા ન હોય તે બાબતેનું નિવેદન લઈ સામેલ રાખેલ છે જે બેલેબલ વોરંટ રજુ દા.આં. ૫૧ આપવામાં આવે છે. તપાસના કામે સુનીલ રામનારાયણનું નિવેદન લઈ પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૨૩, ૫૦૪, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબ ચાર્જશીટ કરેલું. આરોપી હાજર હોય તો હુ જોયેથી ઓળખી શકુ.'' જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમા એ વાત કબુલ રાખે છે કે, ''ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ સવારે ૧૧ વાગે બનેલ છે અને ફરીયાદ સાંજે ૧૯:૩૦ વાગે આપેલ છે. બનાવ સ્થળથી પો.સ્ટે. પાંચ કિમીના અંતરે આવેલ છે. એ વાત હું કહી શકું નહિ કે બનાવ સ્થળથી ચાલતા જઈએ તો ૨૦ મિનિટમાં પો.સ્ટે. પહોંચી જવાય અને વાહન લઈને જઈએ તો દસેક મિનિટમાં પહોંચી જવાય. ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીનું નામ બતાવેલ નથી. મારી તપાસ દરમ્યાન નજરે જોનાર કોઈ સાહેદ ખુલવા પામેલ નહિ. ફરીયાદીએ તેમની ફરીયાદમાં અજાણ્યા ટ્રક નં. જીજે–૧૦–પીવી–૫૦૫૪ લખાવેલ છે. સાહેદ સુનીલ રામનારાયણે તેમના નિવેદનમાં આરોપીના ટ્રકનો નંબર જીજે–૧૦–ટીવી–૫૦૫૪ બતાવેલ છે. ફરીયાદીએ તેમની ફરીયાદમાં જે ટ્રક નં. જીજે–૧૦–પીવી–૫૦૫૪ લખાવેલ છે તો તે ટ્રકના માલિક સંબંધે મેં આર.ટી.ઓ.માં કોઈ તપાસ કરાવેલ નથી. ફરીયાદીએ પોતાની ફરીયાદમાં લખાવ્યા મુજબ તેઓ પાયલ હોટલ ફાટક પાસે પહોંચ્યા ત્યારે હાલનો બનાવ બનેલાનું લખાવેલ છે. મને આંક–૧૮ વાળું ગુનાવાળી

જગ્યાનું પંચનામું બતાવવામાં આવે છે જે જોઈ જણાવું છું કે તે પંચનામામાં ઉત્તર બાજુએ નર્સરી આવેલ છે, દક્ષિણ બાજુ મોવાણ ગામના બચુ શેઠની વાડી આવેલ છે, પશ્ચિમ બાજુ દવારકા જતો નેશનલ હાઈવે આવેલ છે અને પૂર્વ બાજુ જામનગર બાજુ જતો હાઈવે આવેલ છે તેવું દર્શાવેલ છે. હું મને તપાસ મળ્યા પછી બનાવ વાળી જગ્યાએ એક વખત ગયેલ છું. બનાવ વાળી જગ્યાએ ઉભા રહીને જોઈએ તો દક્ષિણ બાજુ મોવાણ ગામના બચુ શેઠની વાડી આવે છે. બનાવ વાળી જગ્યાના પંચનામા મુજબ બનાવ વાળી જગ્યાની એકેય બાજુ ફાટક આવતું નથી. ફરીયાદીની ફરીયાદ અને મારી આખી તપાસ દરમ્યાન આરોપીએ ફરીયાદીને શું સ્પષ્ટ ગાળો આપેલી તે હકીકત ખુલવા પામેલ નથી. મને આંક–જપ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈ જણાવું છું કે તે ફરીયાદમાં ફરીયાદીની ટ્રકને ચોકકસ કેટલું નુકસાન થયલું તે લખાવેલ નથી. ફરીયાદીને જે હથિયાર વડે ઈજા થયેલાનું બતાવેલ છે તો તેવો કોઈ હથિયાર મેં તપાસ દરમ્યાન કબજે લીધેલ નથી. ફરીયાદીની ફરીયાદ મુજબ બનાવ સ્થળે ફાટક આવેલ હતું તો તે ફાટક પાસે સ્પીડ બ્રેકર બનાવેલ છે. સ્પીડ બ્રેકર હોય તો સામાન્ય રીતે ગાડી ધીમી ચલાવવી પડે. હાલના કામે મેં ફરીયાદીનું કોઈ વિશેષ નિવેદન લીધેલ નથી. ફરીયાદી રૂબરૂ આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.''

(૧૭) ત્યારબાદ ફરિયાપક્ષ દ્વારા આંક–૧૭ થી પંચ સાહેદ શેખ ફારૂક ઈસ્માઈલ નાઓએ તેમની સરતપાસમાં આંક–૧૮ વાળા ગુન્હાવાળીવાળી જગ્યાના પંચનામામાં તેમની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામા વિશે કશું જાણતા ન હોવાનું જણાવેલ છે. જયારે આંક–૧૯ થી તપાસેલ પંચ સાહેદ

જાકીર રફીક બાનવા તથા આંક–૨૨ થી તપાસેલ પંચ સાહદ જુમાભાઈ બાવાભાઈ હીંગોરા નાઓએ આંક–૨૦ વાળા આરોપીના અટક પંચનામામાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામા વિશે કશું જાણતા ન હોવાનું જણાવેલ છે. સદર સાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન નહી કરતા વિ.એ.પી.પી. શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી લીધેલ ઉલટતપાસમાં સદર તમામ સાહેદોએ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ પુરાવો આપેલ નથી. જયારે બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદોએ એ હકીકત કબુલ રાખેલ છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કર્યા સિવાય કશું જાણતા નથી.

**(૧૭)** ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, બનાવ વખતે અને બનાવ સ્થળે આરોપીએ પોતાની પાસે રહેલ ટ્રક રજી નં.જી.જે–૧ ૦–ટી.વી.–૩૫૩૪ વાળી પુરઝડપે અને બેફીકરાઈથી ગફલતભરી રીતે ચલાવી પાછળથી ફરિયાદીના ટ્રક નં.જી.જે–૧૨–બી.ટી.–૩૫૩૪ સાથે અકસ્માત કરી ફરિયાદીના ટ્રકમા રહેલ પવનચકકીને નુકસાન કરી ફરિયાદી સાથે અકસ્માત બાબતે બોલાચાલી કરી ઝઘડો કરી ભુંડી ગાળો આપી, શરીરે મુંઢ ઈજા કરી તથા માથાના ભાગે ઈજા પહોંચાડી આઈ.પી.સી.ની કલમ– ૨૭૯, ૩૨૩, ૫૦૪, ૪૨૭ તથા એમ. વી.એકટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબનો ગુન્હો કરેલ છે. આમ ફરિયાદ પક્ષનો સમગ્ર પુરાવો ઘ્યાને લેતાં સદર કામે ફરિયાદી મળી નહી આવતા ફરિયાદીને તપાસેલ નથી. જયારે ફરિયાદપક્ષે આંક–૪૪ થી

પોલીસ સાહેદ લીલાભાઈ વેજાભાઈ જાદવ નાઓને તપાસેલ છે. સદર સાહેદે તેમની જુબાનીમાં ફરિયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ સવારે અગિયાર વાગ્યે બનેલ અને ફરિયાદ સાંજે સાડા સાત વાગ્યે આપેલ તથા ફરિયાદીએ તેમની રૂબરૂમાં આરોપીનું નામ લખાવેલ નથી કે આરોપીને ઓળખતા હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. ફરિયાદીએ તેમને રૂબરૂ ટ્રકમાં શું નુકસાન થયેલું કે શું ગાળો આપેલી તે લખાવેલ નથી. આમ સદર સાહેદનો પુરાવો વં ચાણે લઈએ તો સદર સાહેદે ફરિયાદીની ફરિયાદ નોંધેલ છે. પરં તુ સદર સાહેદે તેમની ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ કે સદર કામે ફરિયાદમાં ફરિયાદીએ આરોપીનું નામ કે આરોપીને ઓળખતા હોય તેવું જણાવેલ નથી. જેથી સદર સાહેદના પુરાવાથી હાલના આરોપી જ હાલનો અકસ્માતવાળા બનાવ વખતે ટ્રકના ડ્રાઈવર હતા તે હકીકત પુરવાર થયેલાનું માની શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૪૮ થી ત.ક. અમલદાર જયમીન મહેન્દ્રભાઈ ડોડીયા નાઓને તપાસેલ છે. સદર સાહેદ તેમની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરેલાનું જણાય આવે છે. જયારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીએ તેમની ફરિયાદમાં આરોપીનું નામ જણાવેલ નથી અને વધુમાં તેઓ જણાવે છે કે, ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ ટ્રકના માલીકીની ખરાઈ અંગે તેઓએ કોઈ કાર્યવાહી કરેલ નથી. વધુમાં એવી હકીકત સ્વીકારે છે કે, ફરિયાદીએ ફરિયાદમાં શું ગાળો આપેલી

કે આરોપીએ કયા હથિયાર વડે માર મારેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ સદર કામે કોઈ હથિયાર કબજે કરવામાં આવેલ નથી. આમ સમગ્ર પણે સદર ત.ક. અમલદારનો પુરાવો વંચાણે લઈએ તો સદર કામે હાલના આરોપીનું નામ કેવી રીતે ખુલ્વા પામ્યુ તે બાબતે કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી અને અકસ્માતવાળો ટ્રક કોની માલીકીનો હતો તે બાબતે પણ તેમણે કોઈ ખરાઈ કરેલ નથી. જેથી સદર સાહેદના પુરાવાથી હાલના આરોપીને ગુના સાથે સાંકળી શકાય નહી. વધુમાં ફરિયાદપક્ષે આંક–૧૭ થી પંચ સાહેદ શેખ ફારૂકને તપાસેલ છે. સદર સાહેદ આંક–૧૮ વાળી ગુન્હાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જયારે આંક–૧૯ થી તપાસેલ પંચ સાહેદ જાકીર રફીક તથા આંક–૨૨ થી તપાસેલ પંચ સાહેદ જુમાભાઈએ આંક–૨૦ વાળા આરોપીના અટક પં ચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. જેથી હાલના કામે સદર પંચનામા પુરવાર થયેલાનું માની શકાય નહી. આમ સમગ્ર પણે ફરિયાદપક્ષનો પુરાવો વંચાણે લેતા ફરિયાદપક્ષે પોલીસ સાહેદ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોને હાલના કામે તપાસેલ નથી. આમ, સદર પોલીસ સાહેદના સ્ટીચરો ટાઈપ જુબાનીથી હાલના આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય નહી. સદર અકસ્માતવાળા બનાવમાં એકપણ નજરે જોનાર સાહેદ હાલના કામે રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી સદર અકસ્માત બનાવ વખતે હાલના આરોપી જ અકસ્માતવાળુ વાહન ચલાવતા હતા તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરિયાદીનો એવો કેસ છે કે, આરોપીએ ભૂંડી ગાળો આપેલી. હાલના કામે આંક–૪૫ થી રજુ થયેલ

ફરિયાદમાં પણ માત્ર ગાળો આપેલાની હકીકત જણાવેલ છે. આમ ફકત આં ક–૪૫ વાળી ફરિયાદમાં ગાળો આપેલાની હકીકત જણાવ્યા માત્રથી આરોપીએ ગાળો આપેલાનું માની શકાય નહી. કારણ કે, કેવા પ્રકારની શું ગાળો આપેલી તેવો ચોકકસ પુરાવો રજુ કરવો પડે. પરંતુ હાલના કામે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષે એવો કેસ છે કે, આરોપીએ ફરિયાદીને મુંઢ માર મારેલો. આંક–૪૫ વાળી ફરિયાદમાં પણ મુંઢ માર મારી ઈજા કરેલાની હકીકત જણાવેલ છે. પરંતુ સદર ફરિયાદમાં કોના વડે અને શરીરના કયા ભાગ પર ઈજા કરેલાનો સ્પષ્ટ હકીકત જણાવેલ નથી અને વધુમાં ત.ક. અમલદારની થયેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ રાખેલ છે કે બનાવ સ્થળેથી કોઈ હથિયાર મળી આવેલ નથી. જેથી સદર કામે ફરિયાદીને મુંઢ માર મારેલાની હકીકત માની શકાય નહી. કારણ કે, કયા હથિયાર વડે કઈ જગ્યાએ માર મારેલ છે તેવો સચોટ પુરાવો આપવો જોઈએ. પરંતુ હાલના કામે આવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી સદર કામે આરોપીએ ફરિયાદીને મુંઢ માર મારેલાની હકીકત માની શકાય નહી. આમ સમગ્રપણે પુરાવો વંચાણે લેતા હાલના આરોપીએ અકસ્માત સર્જી ફરિયાદીને ગાળો બોલી, મુંઢ માર મારી ઈજા પહોંચાડેલાની હકીકત પુરવાર થયેલ માની શકાય નહી. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.ર નો જવાબ ન્યાયના હિતમાં આખરી હુકમ મુજબ ઠરાવવામાં આવે છે.**

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **કિશન સ/ઓ પ્રભાતગર ગોસ્વામી,** રહે.બેડ ગામ પ્લોટ નં .૧૫૪ બેડેશ્વર મહાદેવ મંદિર પાસે, તા.જી.જામનગર નાઓને આઈ.પી.સી.ની કલમ– ૨૭૯, ૩૨૩, ૫૦૪, ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ–૧૩૪, ૧૭૭, ૧૮૪ મુજબના ગુના અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ અપીલ સમય દરમિયાન સુધી રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન આપવા.

**હુકમ આજરોજ તારીખ ૧૮–મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારા સહી–સિકકા કરી જાહેર કરવામાં આવ્યો.**

ખંભાળીયા,
તા. ૧૮/૦૭/૨૦૨૬

**(જનકકુમાર દેવજીભાઈ સોલંકી)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા
કોડ નં.GJ00979